પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૩૦૧ • કુલ પાના : ૪ • તારીખ : ૧૭-૦૮-૨૦૨૨ બુધવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### નરેન્દ્ર મોદીએ સતત નવમી વખત લાલ કિલ્લાની પ્રાચીર પરથી દેશને સંબોધન કર્યું

## ભારત તૂટી જશે, વેર વિખેર થઈ જશે પરંતુ તમામ આશંકાઓ નિર્મૂળ સાબિત થઈ : વડાપ્રધાન

નવીદિલ્હી,

આઝાદીના ૭૫ વર્ષ પૂરા થયા અને ૭૬માં સ્વતંત્રતા દિવસના અવસરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સતત નવમી વખત લાલ કિલ્લાની પ્રાચીર પરથી દેશને સંબોધન કર્યું. આ દરમિયાન આવનારા ૨૫ વર્ષોમાં ભારતને વિક્સિત બનાવવા માટે ૫ સંકલ્પનો ઉલ્લેખ કર્યો. નારી શક્તિને યાદ કરી. ભ્રષ્ટાચાર અને પરિવારવાદ પર આકરા પ્રહાર કર્યા. નિર્ણાયક લડત છેડવાનું આહ્વાન કરતા કહ્યું કે જ્યાં સુધી ભ્રષ્ટાચાર અને ભ્રષ્ટાચારી પ્રત્યે નફરતનો ભાવ પેદા ન થાય કે સમાજિક રીતે તેને નીચે દેખાડવા માટે મજબૂર ન કરાય ત્યાં સુધી આ માનસિકતા ખતમ થવાની નથી. તેમણે તેને પોતાની બંધારણીય અને લોકતાંત્રિક જવાબદારી ગણાવતા આ જંગમાં દેશવાસીઓ પાસે સાથ પણ માંગ્યો. આ ઉપરાંત તેમણે પહેલીવાર સ્વદેશી તોપ દ્વારા અપાયેલી સલામી અંગે પણ વાત કરી. તેમનું ભાષણ ૮૩ મિનિટનું રહ્યું. જાણો મહત્વની વાતો.

પીએમ મોદીએ કહ્યું કે ગઈ કાલે ૧૪ ઓગસ્ટના રોજ ભારતે વિભાજન વિભિષિકા સ્મૃતિ દિવસને ભારે મને ઉજવ્યો. આઝાદીના સમયે તમામ આશંકાઓ જતાવવામાં આવી કે ભારત તૂટી જશે, વેર વિખેર થઈ જશે પરંતુ તમામ આશંકાઓ નિર્મૂળ સાબિત થઈ. આઝાદી બાદ આપણે શું નથી ઝેલ્યું. અકાળ ઝેલ્યો, યુદ્ધ ઝેલ્યું. સફળતા, નિષ્ફળતા, આશા નિરાશા ન જાણે કેટલાય પડાવ આવ્યા આમ છતાં ભારત આગળ વધતું રહ્યું. ભારતની વિવિધતા જે બીજાને બોજ લાગતી હતી તે જ તેની તાકાત છે.

પીએમ મોદીએ કહ્યું કે ભારત લોકતંત્રની જનની છે. ૨૦૧૪માં દેશવાસીઓએ મને જવાબદારી સોંપી. આઝાદી બાદ જન્મેલો હું પહેલો વ્યક્તિ હતો જેને લાલ કિલ્લાથી દેશવાસીઓનું ગૌરવગાન કરવાની તક મળી હતી. જેટલું તમારી પાસેથી શીખ્યો છું, તમને જાણ્યો છું, તમારા સુખ દુખ જાણી શક્યો છું તેને લઈને મે આખો કાળખંડ તે લોકો માટે ખપાવ્યો છે. પછી ભલે તે દલિત, શોષિત હોય, વંચિત હોય, મહિલાઓ હોય કે કોઈ પણ ખૂણો હોય.

આ દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે મહાત્મા ગાંધીનું અંતિમ વ્યક્તિ સુધી લાભ પહોંચાડવાનું સપનું હતું. મે મારી જાતને મહાત્મા ગાંધીના સપનાને પૂરું કરવા માટે સમર્પિત કરી. પીએમ મોદીએ કહ્યું કે આપણા દેશવાસીઓએ પણ ઉપલબ્ધિઓ મેળવી છે. પુરુષાર્થ કર્યો છે. હાર માની નથી અને સંકલ્પોને ઓઝલ થવા દીધા નથી. આપણે તાજેતરમાં જોયું છું કે આપણે એક વધુ નવી તાકાતનો અનુભવ કર્યો છે. ભારતમાં સામૂહિક ચેતનાનું પુર્નજાગરણ થયું છે. આઝાદીનો અમૃત હવે સંકલ્પમાં બદલાઈ રહ્યો છે. સિદ્ધિનો માર્ગ જોવા મળી રહ્યો છે.



પીએમ મોદીએ કહ્યું કે આઝાદીના અમૃતકાળમાં પ્રવેશ કરી ચૂક્યા છીએ. જેથી કરીને આગામી ૨૫ વર્ષ બાદ જ્યારે ભારતની આઝાદીના ૧૦૦ વર્ષ પૂરા થશે ત્યારે ભારત માટે ૫ સંકલ્પ જરૂરી છે. ,૧. પહેલો સંકલ્પ- વિક્સિત ભારત. તેનાથી ઓછું આપણને મંજૂર નથી.,૨. બીજો સંકલ્પ- સો ટકા ગુલામીની સોચમાંથી આઝાદી. કોઈ પણ ખૂણામાં આપણા મનની અંદર ગુલામીનો અંશ બાકી રહેવો જોઈએ નહીં. સેંકડો વર્ષ સુધી ગુલામીએ આપણને જકડી રાખી હતી. સોચમાં વિકૃતિઓ પેદા કરી રાખી છે. આપણને ગુલામીની કોઈ નાની ચીજ પણ જો નજરે ચડે તો તેનાથી મુક્તિ મેળવવી પડશે. ૩. વારસા પર ગર્વ. પીએમ મોદીએ કહ્યું કે આપણને આપણા વારસા પર ગર્વ હોવો જોઈએ. આ વારસો છે, જેણે ભારતને સ્વર્ણિમ ઈતિહાસ આપ્યો.,૪. એકતા અને એકજૂથતા. તેમણે કહ્યું કે ૧૩૦ કરોડ દેશવાસીઓમાં એકજૂથતા હોવી જરૂરી છે. કોઈ પારકું નથી.૫. નાગરિકોના કર્તવ્ય. પાંચમા સંકલ્પ વિશે પીએમ મોદીએ જણાવ્યું કે તેમાંથી પીએમ કે સીએમ પણ બહાર હોતા નથી. તેઓ પણ દેશના નાગરિક હોય છે. જ્યારે સપના મોટા હોય છે ત્યારે સંકલ્પ મોટા હોય છે.

પીએમ મોદીએ કહ્યું કે આપણે મોટો સંકલ્પ લીધો હતો આઝાદીનો. આપણે આઝાદ થઈ ગયા. આ એટલા માટે થયું કારણ કે સંકલ્પ ખુબ મોટો હતો. જો સંકલ્પ સીમિત હોત તો કદાચ આજે પણ સંઘર્ષ કરી રહ્યા હોત.

પીએમ મોદીએ કહ્યું કે માનવ કેન્દ્રીય વ્યવસ્થાને વિક્સિત કરીશું. આપણા કેન્દ્રમાં માનવ હશે. તેની આશાઓ હશે. ભારત જ્યારે મોટો સંકલ્પ કરે છે તે કરીને બતાવે છે. જ્યારે મે સ્વચ્છતાની વાત કરી, તો તેને દેશે કરી દેખાડ્યું. જ્યારે દુનિયા દુવિધામાં હતી ત્યારે ૨૦૦ કરોડ રસીકરણના લક્ષ્યાંકને હાંસલ કરી બતાવ્યો. તમામ રેકોર્ડ ધ્વસ્ત કર્યા. અઢી કરોડ લોકોના ઘરમાં નળથી જળ પહોંચાડવાનું કામ દેશ કરી રહ્યો છે. ખુલ્લામાં શૌચથી મુક્તિ શક્ય બની છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ પર પીએમ મોદીએ કહ્યું કે તેના માટે કરોડો લોકોની સલાહ લેવામાં આવી. પીએમ મોદીએ કહ્યું કે જ્યારે આપણે આપણી ધરતી સાથે જોડાઈશું તો જ ઊંચે ઉડી શકીશું. ત્યારે જ વિશ્વને પણ સમાધાન આપી શકીશું. આપણે પ્રકૃતિને પ્રેમ કરવાનું જાણીએ છીએ. આપણી પાસે ગ્લોબલ વોર્મિંગની સમસ્યાના સમાધાનના રસ્તા છે. આપણા પૂર્વજોએ આપણને આપ્યા છે. જ્યારે દુનિયા હોલિસ્ટિક હેલ્થ કેરની વાત કરે છે ત્યારે દુનિયાની નજર ભારતના યોગ પર જાય છે. ભારતના આયુર્વેદ પર જાય છે. જ્યારે વ્યક્તિગત તણાવની વાત થાય છે ત્યારે વિશ્વને ભારતનો યોગ દેખાય છે. જ્યારે સામૂહિક તણાવની વાત થાય છે ત્યારે વિશ્વને ભારતની કૌટુંબિક વ્યવસ્થા દેખાય છે.

આપણે એ લોકો છીએ જે જીવમાં શિવ જોઈએ છીએ. નરમાં નારાયણ જોઈએ છીએ. જે નારીને નારાયણી કહે છે. ઝાડ પાનમાં પરમાત્મા જોઈએ છીએ. જે નદીને માતા માને છે, અમે એ છીએ જે દરેક કંકરમાં શંકર જુએ છે. અમે એ છીએ જેણે દુનિયાને વસુધૈવ કુટુંબકમનો મંત્ર આપ્યો. જે કહે છે કે સત્ય એક છે. અમે દુનિયાનું કલ્યાણ જોયું છે. અમે જન કલ્યાણથી જગ કલ્યાણ જોયું છે. પીએમ મોદીએ પોતાના સંબોધનમાં દેશના બે મોટા પડકારો વિશે જણાવ્યું. તેમણે કહ્યું કે દેશ સામે બે મોટા પડકાર છે. એક ભ્રષ્ટાચાર, અને બીજો ભાઈ-ભત્રીજાવાદ, પરિવારવાદ. આપણે ભ્રષ્ટાચાર વિરુદ્ધ પૂરી તાકાતથી લડવાનું છે.

જ્યાં સુધી ભ્રષ્ટાચાર અને ભ્રષ્ટાચારી પ્રત્યે નફરતનો ભાવ પેદા નહી થાય, સામાજિક રીતે તેને નીચા દેખાડવા માટે મજબૂર નહી કરાય, ત્યાં સુધી આ માનસિકતા ખતમ થવાની નથી. ભ્રષ્ટાચાર દેશને ઉધઈની જેમ ખોખલો કરી રહ્યો છે. તેની સામે દેશે લડવું જ પડશે. અમારી કોશિશ છે કે જેમણે દેશને લૂંટ્યો છે, તેમણે પાછું આપવું પડે તેની અમે કોશિશ કરી રહ્યા છીએ. મારે ભ્રષ્ટાચાર વિરુદ્ધ લડવાનું છે, મારે તેના વિરુદ્ધ લડતને તેજ કરવાની છે. મને ૧૩૦ કરોડ ભારતવાસીઓનો સાથ જોઈએ છે, જેથી કરીને હું ભ્રષ્ટાચાર વિરુદ્ધ લડી શકું. દેશવાસીઓ માટે આ ચિંતાનો વિષય છે, ભ્રષ્ટાચાર પ્રત્યે નફરત જોવા મળે છે. પરંતુ ભ્રષ્ટાચારીઓ વિરુદ્ધ કોઈ ચેતના દેખાતી નથી.

પીએમ મોદીએ ભાઈ-ભત્રીજાવાદ, અનુસંધાન સહિત અનેક મુદ્દાઓનું પોતાના ભાષણમાં ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે જ્યારે હું ભાઈ-ભત્રીજાવાદ અને પરિવારવાદની વાત કરું છું ત્યારે લોકોને લાગે છે કે હું ફક્ત રાજનીતિની વાત કરી રહ્યો છું. દુર્ભાગ્યથી રાજકીય ક્ષેત્રની આ બદીએ હિન્દુસ્તાનના દરેક સંસ્થાનમાં પરિવારવાદને પોષિત કરી દીધો છે. ભારત જેવા લોકતંત્રમાં જ્યાં લોકો ગરીબી સામે ઝઝૂમી રહ્યા છે ત્યાં એક બાજુ એવા લોકો છે જેમની પાસે રહેવા માટે જગ્યા નથી ત્યાં બીજી બાજુ એવા લોકો છે જેમની પાસે લૂંટેલી રકમ રાખવા માટે જગ્યા નથી. ભ્રષ્ટાચાર વિરુદ્ધ લડવાનું છે. જે લોકો ગત સરકારોમાં બેંકો લૂટીને ભાગી ગયા તેમની સંપત્તિ અમે જપ્ત કરી રહ્યા છીએ. અનેક લોકો જેલમાં છે.

આ વખતનો સ્વતંત્રતા દિવસ અનેક રીતે ખાસ છે. પહેલીવાર લાલ કિલ્લા પર સ્વદેશી તોપથી સલામી અપાઈ. ધ્વજારોહણ બાદ લાલ કિલ્લાની પ્રાચીર પરથી રાષ્ટ્રજોગ સંબોધનમાં પીએમ મોદીએ કહ્યું કે આત્મનિર્ભર ભારત કોઈ સરકારી કાર્યક્રમ નથી, પરંતુ સમાજનું જન આંદોલન છે. જેને બધાએ મળીને આગળ વધારવાનું છે. આઝાદીના ૭૫ વર્ષમાં પહેલીવાર એવું બન્યું કે લાલ કિલ્લા પરથી સલામી માટે દેશમાં બનેલી તોપનો ઉપયોગ કરાયો.

૭૫ વર્ષ બાદ પહેલીવાર ભારતમાં બનેલી હોવિત્ઝર તોપનો ઉપયોગ લાલ કિલ્લા પર સલામી માટે કરવામાં આવ્યો. પીએમ મોદીએ કહ્યું કે બિનજરૂરી વિદેશી સામાન અને ઉપકરણોની આયાત પર રોક લગાવવાનો પ્રયત્ન કરવો પડશે. વિદેશી રમકડાંની આયાતમાં પણ ભારે ઘટાડો થયો છે. કારણ કે બાળકોએ પણ તેમને નકારી દીધા છે. આ સાથે જ કેમિકલ મુક્ત ખેતી પર ભાર મૂક્યો.

પીએમ મોદીએ કહ્યું કે જય જવાન, જય કિસાનની સાથે જય અનુસંધાન પર ભાર મુકવાની જરૂર છે. યુપીઆઈનો વધતો પ્રભાવ તેનું એક પ્રમાણ છે. દેશ ૫જી તરફ આગળ વધી રહ્યો છે. ગામડાઓમાં ઓપ્ટિકલ ફાઈબરનું નેટવર્ક બિછાવાઈ રહ્યું છે. ભારત માટે આ ટેક્નોલોજીનો દાયકો છે. સ્પેસ સમિશન, ઓશન મિશનમાં પણ આગળ વધી રહ્યું છે. આપણા નાના ખેડૂતો, લઘુ ઉદ્યોગો, રેકડીવાળા, તેમને આર્થિક તાકાત આપવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. માનવ સંસાધન અને પ્રાકૃતિક સંસાધનોનો વધુમાં વધુ ઉપયોગ કેવી રીતે થાય, તેના પર ભાર મૂકવો પડશે. ગામડાથી લઈને શહેર સુધી પોલીસથી લઈને યુદ્ધના મેદાન સુધી, ખેલકૂદના મેદાન હોય, દેશના વિકાસમાં નારી શક્તિ પર ધ્યાન જરૂરી છે. બંધારણના નિર્માતાઓએ દેશના ફેડરલ સ્ટ્રક્ચર પર ભાર મૂક્યો અને તે ભવિષ્યની જરૂરિયાત છે. કાર્યક્રમ અને કાર્યશૈલી અલગ હોઈ શકે છે પરંતુ જરૂરિયાત હેલ્ધી કમ્પીટિટિવ ફેડરલિઝમની છે.

## આગામી બે દિવસ ૮ જિલ્લામાં મેઘરાજા તબાહી મચાવશે !

અમદાવાદ,

ગુજરાતભરમાં ફરી એકવાર વરસાદી માહોલ જામ્યો છે. સ્વતંત્રતા દિવસ પર રાજ્યના અનેક જિલ્લામાં વરસાદ વરસ્યો છે. અત્યાર સુધીમાં ગુજરાતના ૨૦૬ તાલુકામાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. જેમાં તાપીના વ્યારામાં સૌથી વધુ ૬ ઈંચ વરસાદ ખાબક્યો છે. જોકે, હજુ પણ ૩ દિવસ વરસાદી માહોલ રહેશે. ત્યારે હવામાન વિભાગ દ્વારા આગામી ૨ દિવસ ભારે વરસાદની આગાહીને કારણે એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

સ્વતંત્રતા પર્વની ઉજવણી વચ્ચે રાજ્યમાં દિવસભર ડાળાડિબાંગ વાદળા છવાયેલા હતા. રાજ્યના ૨૦૬ તાલુકામાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. જેમાં તાપીના વ્યારામાં સૌથી વધુ ૬ ઈંચ વરસાદ ખાબક્યો છે. હવામાન વિભાગે ૮ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ અને ૭ જિલ્લામાં યેલો એલર્ટ જાહેર કર્યું છે. આ ઉપરાંત દક્ષિણ ગુજરાતના ત્રણ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગ દ્વારા આગામી ચોવીસ કલાક ભારે વરસાદની આગાહી કરી છે. આ ઉપરાંત હવામાન વિભાગની આગાહી મુજબ દ્વારકાના દરિયામાં ભારે કરંટ જોવા મળી રહ્યો છે. હવામાન ખાતાની આગાહી મુજબ દરિયામાં ૪૦ થી ૫૦ કિમીની ઝડપે પવન ફૂંકાવવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી હતી. જને લઈને દ્વારકાના દરિયામાં ભારે કરન્ટ જોવા મળી રહ્યો છે. વરસાદી માહોલ વચ્ચે દ્વારકામાં દરિયાએ પોતાનું રોદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. ગોમતીઘાટ, ભડકેશ્વર સહિતના વિસ્તારોમાં ૧૦ થી ૧૫ ફૂટ ઉંચા મોજા ઉછળી રહ્યા છે. ત્યારે ગોમતી ઘાટ પર સહેલાણીઓને દરિયાની મોજ માણતા જોવા મળ્યા હતી.

ઉલ્લેખનીય છે કે, મધ્ય પ્રદેશના ઓમકારેશ્વર ડેમમાંથી સતત પાણી છોડાતાં સરદાર સરોવર ડેમની જળસપાટીમાં વધારો થયો છે. સરદાર સરોવર ડેમની જળ સપાટી ૧૩૫.૨૯ મીટરે પહોંચી છે. હાલ ડેમમાં ૨,૦૧,૯૬૧ ક્યૂસેક પાણીની આવક થઈ છે. ત્યારે ઓમકારેશ્વર ડેમમાંથી પાણી છોડાતા પાણીની આવકમાં વધારો થઈ રહ્યો છે. આજે રાત્રે ૧૦ વાગ્યે ડેમના ૨૩ દરવાજા ખોલીને ૪ લાખ ક્યુસેકથી વધુ પાણી છોડવામાં આવશે. જેને લઈને સરદાર સરોવર બંધ પુર નિયંત્રણ કચેરીએ વધુ એક ચેતવણી જારી કરતા નર્મદા કિનારાના ગામોને એલર્ટ કરાયા છે.

## વડોદરામાંથી કરોડો રૂપિયાનું ડ્રગ્સ મળી આવ્યું

વડોદરા,

વડોદરા જિલ્લાના સાવલીના મોક્ષી ગામ ખાતે આવેલી નેક્ટર કેમ ફેક્ટરી સંભવિત MD ડ્રગ્સનું ઉત્પાદન કરતી હોવાની ગુજરાત ATS DIG દિપેન ભદ્રનને મળેલી બાતમીના આધારે DYSP કેકે પટેલની આગેવાની હેઠળના બે ડઝનથી વધુ કર્મચારીઓ સાથે ઓપરેશન એમડી હાથ ધરવામાં આવ્યું હતું. ગુજરાત ATSની ટીમે આજે મંગળવારે સવારે ફેક્ટરી પર દરોડો પાડ્યો હતો અને ૨૦૦ કિલોથી વધુ વજનની શંકાસ્પદ MD ડ્રગનો જથ્થો જપ્ત કર્યો હતો જેની અંદાજિત બજાર કિંમત એક હજાર કરોડથી વધુ છે. ઘટના બાદ એટીએસે તાત્કાલિક ફોરેન્સિક અધિકારીઓને સ્થળ પર બોલાવ્યા હતા. મોક્ષી ગામે આવેલી આ ફેક્ટરીમાં વિવિધ પ્રકારના કેમિકલનું ઉત્પાદન થતું હતું. ખાસ કરીને કોરોના સમયગાળા દરમિયાન, આ ફેક્ટરી દ્વારા કોરોના સંબંધિત રસાયણોનું ઉત્પાદન કરવામાં આવતું હતું. પરંતુ જ્યારે એટીએસને આ ફેક્ટરીના પાછળના ભાગમાં પ્રતિબંધિત દવાઓનું ઉત્પાદન થતું હોવાની માહિતી મળી ત્યારે ડીઆઈજી દીપેન ભદ્રન, એસપી સુનિલ જોષી અને ડીવાયએસપી કે.કે.પટેલે વ્યૂહરચના ઘડી અને છૂપો ઓપરેશન હાથ ધરવાનું નક્કી કર્યું. ઓપરેશન ગુપ્ત રાખીને દરોડાની ટીમમાં સમાવિષ્ટ અધિકારીઓને પણ છેલ્લી ઘડી સુધી દરોડા પાડવાની જગ્યા વિશે જાણ કરવામાં આવી ન હતી. પોલીસને સ્થળ પરથી અંદાજીત રૂ.૧૦૦૦ કરોડની કિંમતનુ ૨૦૦ કિલો ગ્રામ એમડી ડ્રગ્સ પકડી પાડવામાં સફળતા મળી હોવાનુ જાણવા મળી રહ્યું છે. જે અંગે હજી ગુજરાત એ.ટી.એસ દ્વારા કાર્યવાહી ચાલી રહીં હોવાની પણ વિગતો સાપડી રહીં છે. હાલ પોલીસ દ્વારા આ મામલામાં કયા મોટા માથા સંડોવાયેલા છે, ડ્રગ્સનો કાચો માલ ક્યાંથી આવતો હતો, તેને બનાવીને ક્યાં મોકલવામાં આવતો હતો, સહિતના મુદ્દે તલસ્પર્શી તપાસ હાથ ધરી છે. પ્રાથમિક સુત્રોના જણાવ્યા પ્રમાણે, કંપનીનું નામ નેક્ટર કેમ છે, તે સાંકરદા-ભાદરવા રોડ, મોક્સી ગામ, સાવલી ખાતે આવેલી છે.

## એપ્રિલ-જુલાઈના ચાર માસના ગાળામાં આવકવેરા સહિતનો વ્યક્તિગત ટેક્ષ રૂા. ૨.૬૭ લાખ કરોડ જમા થયો

નવીદિલ્હી,

દેશમાં કોરોનાકાળની વિદાય બાદ એક તરફ અર્થતંત્રની ગાડી પાટા પર ચડી રહી હોવાના સંકેત છે અને આડકતરા ટેક્ષ- જીએસટીનું માસિક કલેકશન દ્વારા રૂા.૧.૪૦ લાખ કરોડથી થઈ રહી છે અને હજુ તેમાં પ્રયાસો થશે તે નિશ્ચિત છે.

બીજી તરફ ડાયરેકટ ટેક્ષ કલેકશન સીધા કરવેરામાં પણ એપ્રિલ-જુલાઈ ૨૦૨૨ના ચાર માસમાં ૪૦%નો રેકોર્ડ વધારો થયો છે અને કુલ કલેકશન રૂા.૫ લાખ કરોડનું થયું છે.

જેમાં વ્યક્તિગત આવક પરના ટેક્ષ રૂા.૨.૬૭ લાખ કરોડ તથા કોર્પોરેટ ટેક્ષ રૂા.૨.૨૨ લાખ કરોડ થયો છે. સરકારે ચાલુ વર્ષમાં સીધા કરવેરાની આવક રૂા.૧૪.૨ લાખ કરોડ થશે તેવો અંદાજ રાખ્યો છે જયારે ડાયરેકટ ટેક્ષમાં રીફંડ રૂા.૬૭૦૦૦ કરોડનું આપવામાં આવ્યું છે.

એપ્રિલ-જુલાઈ ૨૦૨૨માં પર્સનલ ઈક્મટેક્ષ રૂા.૨.૬૭ લાખ કરોડ જમા થયો જે ગત વર્ષ આ સમયના સરખામણીમાં ૫૨% વધુ છે. જો કે કોર્પોરેટ ટેક્ષની આવક રૂા.૨.૨૨ લાખ કરોડ થઈ તેમાં ઘટાડો થયો છે.

સરકારે કોરોના કાળમાં કોર્પોરેટ ટેક્ષમાં નવી ટેક્ષ પ્રણાલી સપ્ટેમ્બર ૨૦૧૯ થી લાગુ કરી હતી જેમાં કોર્પોરેટ ટેક્ષનો બેઈઝ ૩૦%માંથી ઘટાડીને ૨૨% કર્યો હતો. જયારે ૩૧ માર્ચ ૨૦૨૪ પુર્વે નવી શરૂ થતી કંપનીઓને માટે કોર્પોરેટ ટેક્ષમાં ૨૫% માંથી ઘટાડીને ૧૫% કર્યો હતો. ઉપરાંત આ વર્ષે આવકવેરા રીટર્ન ભરવાની તારીખ પણ વધારવામાં આવી નથી. હવે આવકવેરામાં કરદાતા સેલ્ફ એસેસમેન્ટમાં વધુ વિશ્ર્વાસ ધરાવે છે અને આ વર્ષે સેલ્ફ એસેસમેન્ટમાં ૨૭૫%નો વધારો થયો.

## અદાણી, બાબા રામદેવની સહિત અનેક કંપનીઓ ગેરકાયદેસર રીતે ભૂગર્ભજળ કાઢી રહી છે

નવીદિલ્હી,

સરકાર દ્વારા ભૂગર્ભ જળના શોષણ માટે ૨૦૬૯ પ્રોજેક્ટ માટે મોટી કંપનીઓને રાહત આપવામાં આવી છે. સરકારી એજન્સીના નિર્ણય બાદ આ રાહત ત્યારે મળી છે જ્યારે એજન્સી દ્વારા જમીનમાંથી પાણી કાઢવાના નિયમોનું ઉલ્લંઘન કરીને આ મોટી કંપનીઓના પ્રોજેક્ટને ગેરકાયદેસર જાહેર કરવામાં આવ્યા હતા.

એક રિપોર્ટ અનુસાર, દેશની સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર ઓથોરિટી (સીજીડબ્લ્યુએ)એ આ કંપનીઓના એનઓસી (નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ) રિન્યૂ કરવાની છેલ્લી તારીખ ૩૦ જૂનથી વધારીને ૩૦ સપ્ટેમ્બર સુધી કરી દીધી છે.

ભૂગર્ભજળનો ઉપયોગ કરતા પહેલા તમામ મોટી કંપનીઓએ સરકાર પાસેથી એનઓસી મેળવવી પડે છે, જેને દર ૨ થી ૫ વર્ષે રિન્યુ કરવામાં આવે છે. અહીં તમને જણાવી દઈએ કે ૨૭ જૂને સીજીડબ્લ્યુએએ મોટી કંપનીઓના ૨,૦૬૯ પ્રોજેક્ટ્સની યાદી બહાર પાડી હતી જેણે ભૂગર્ભજળના શોષણ માટે એનઓસી રિન્યુ નથી કર્યું, જેમાં ટાટા સન્સ, બાબા રામદેવની દિવ્યા ફાર્મસી અને અદાણીના નામ સામેલ હતા.



ભારતમાં ભૂગર્ભ જળના શોષણ માટેની માર્ગદર્શિકા મુજબ, ગ્રામીણ પીવાના પાણી પુરવઠા યોજના હેઠળ આવરી લેવામાં આવેલા વ્યક્તિગત ઘરગથ્થુ ગ્રાહકો, સશસ્ત્ર દળો, ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો, ખેતી કામમાં રોકાયેલા લોકો અને સૂક્ષ?મ અને નાના ઉદ્યોગો જ એનઓસી વિના એક દિવસમાં ૧૦ ઘન મીટર કરતા ઓછા ભૂગર્ભજળનો ઉપયોગ કરી શકે છે. સરકાર દ્વારા મૂકવામાં આવેલા ૨૦૬૯ પ્રોજેક્ટ્સની યાદીમાં અદાણી વિલ્મર ક્યુબિક ૨,૬૭૩ ક્યુબિક મીટર ભૂગર્ભજળનો ઉપયોગ કરી રહી હતી, કંપનીની એનઓસી એપ્રિલ ૨૦૨૧માં સમાપ્ત થઈ ગઈ હતી. હરિદ્વારમાં બાબા રામદેવની કંપની દિવ્યા ફાર્મસી યુનિટ-૨ દરરોજ ૧૭૦ ક્યુબિક મીટર ભૂગર્ભ જળનો ઉપયોગ કરી રહી હતી અને તેની એનઓસી ડિસેમ્બર ૨૦૧૭માં જ સમાપ્ત થઈ ગઈ હતી. આ સાથે ટાટા સન્સની કંપની ટાટા સ્ટીલ પશ્ચિમ બોકારોમાં કોલસો કાઢવા માટે દરરોજ ૨૦,૦૯૪ ઘન મીટર ભૂગર્ભજળનો ઉપયોગ કરતી હતી.

ભારતનું ભૂગર્ભજળનું સ્તર વર્ષોથી સતત ઘટી રહ્યું છે. સીજીડબ્લ્યુએ દ્વારા નવેમ્બર ૨૦૨૦માં બહાર પાડવામાં આવેલ ડેટા દર્શાવે છે કે ૨૦૧૦-૧૯ની વચ્ચે, તેમની દેખરેખ હેઠળના ૩૩ ટકા કુવાઓમાં પાણીનું સ્તર પાછલા એક દાયકાની સરખામણીમાં ૦-૨ મીટર જેટલું ઘટ્યું હતું. છેલ્લા કેટલાક વર્ષોમાં દિલ્હી, ચેન્નાઈ, ઈન્દોર, કોઈમ્બતુર, મદુરાઈ, વિજયવાડા, દેહરાદૂન, જયપુર, અલ્હાબાદ, ગાઝિયાબાદ, કાનપુર અને લખનઉના કેટલાક ભાગોમાં ચાર મીટરથી વધુનો ઘટાડો નોંધાયો હતો.

## પહેલગામમાં ITBPના જવાનોને લઈને જતી બસ ખીણમાં ખાબકી, ૧૦ જવાન શહીદ

શ્રીનગર,

જમ્મુ અને કાશ્મીરના પહલગામના ચંદનવાડીમાં આજે મોટી દુર્ઘટના ઘટી. અમરનાથ યાત્રા ડ્યૂટીમાં લાગેલા આઈટીબીપી જવાનોને લઈને જઈ રહેલી બસને અકસ્માત નડ્યો. દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૧૦ જવાન શહીદ થયા છે.

આઈટીબીપીના જવાનોને લઈને જઈ રહેલી બસ ચંદનવાડીથી પહેલગામ જઈ રહી હતી. ત્યારે બસની બ્રેક ફેઈલ થઈ ગઈ જેના કારણે બસ ખાઈમાં ખાબકી. આ બસમાં ૩૯ જવાનો સવાર હતા. જેમાંથી ૩૭ જવાન આઈટીબીપીના અને ૨ જવાન જમ્મુ કાશ્મીર પોલીસના હતા.ઘણા જવાનો ઈજાગ્રસ્ત થયા છે. જેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

બસ દુર્ઘટના સંબંધમાં આઈટીબીપીએ એક નિવેદનમાં કહ્યું કે ૩૯ કર્મીઓને લઈ જઈ રહેલી એક સિવિલ બસ બ્રેક ફેઈલ થવાને કારણે રસ્તા પરથી ઉતરી નદીમાં ખાબકી હતી. આ બસમાં સવાર જવાન ચંદનવાડીથી પહેલગામ તરફ જઈ રહ્યા હતા. આ



જવાનોની અમરનાથ યાત્રા દરમિયાન ડ્યૂટી હતી. ૪૫ દિવસોની યાત્રા થોડા દિવસો પહેલા જ સમાપ્ત થઈ છે. આ પછી સુરક્ષા જવાનો પોત-પોતાના લોકેશન પર પરત ફરી રહ્યા છે. પરત ફરતી વખતે આ બસ દુર્ઘટના બની છે. ઈન્ડો તિબેટીયન બોર્ડર પોલીસ અને જમ્મુ કાશ્મીર પોલીસનાં જવાનો બસમાં જઈ રહ્યા હતા ત્યારે બ્રેક ફેલ થઈ જવાન કારણે આ અકસ્માત સર્જાયો હોવાનું કારણ આપવાના આવી રહ્યું છે.ચંદનવાડી પહલગામથી ૧૬ કિમી દૂર છે. હાલમાં જ અમરના યાત્રા સમાપ્ત થઈ હતી. ત્યારે આવા સમયે યાત્રામાં તૈનાત કરવામાં આવેલા સુરક્ષાદળના જવાનો પોતાની ટુકડીઓ સાથે પાછા ફરી રહ્યા હતા. કહેવાય છે કે, આ જવાનો પોતાની ડ્યૂટી પુરી કરીને પાછા ફરી રહ્યા હતા. ત્યારે બ્રેક ફેલ થઈ જતાં બસ ખીણમાં ખાબકી હતી. બસ ખૂબ નીચે નદીના કિનારે ખીણમાં પડી હતી. કહેવાય છે કે, તેમાં ભારે નુકસાન થયુ હોવાની આશંકા જતાવામાં આવી રહી છે.

## આઝાદીની ૭૫મી વર્ષગાંઠે અંતરિક્ષમાં પણ લહેરાયો તિરંગો

ચેન્નાઈ,

સ્વાતંત્ર્ય દિન પર્વે અંતરિક્ષમાં પણ તિરંગો લહેરાયો હતો. અંતરિક્ષ વિજ્ઞાનમાં જાગૃતિ વધારતા એક સંગઠન દ્વારા અંતરિક્ષમાં મોકલવામાં આવેલ ‘બલુન સેટ’ની મદદથી લગભગ ૩૦ કિલોમીટર ઉંચાઈ પર તિરંગો લહેરાવવામાં આવ્યો હતો.

ચેન્નાઈ સ્થિત સંગઠન ‘સ્પેસ કીડઝ ઈન્ડીયા’ એ સોશ્યલ મીડીયા પર એક વીડીયો શેર કર્યો છે, જેમાં અંતરીક્ષમાં લહેરાતા તિરંગાને જોઈ શકાય છે. હિલિયમ ગેસથી ભરેલા બલુનના માધ્યમથી તિરંગાને લહેરાવાયો હતો. સ્પેસ કિડઝ ઈન્ડીયાની સંસ્થાપક અને મુખ્ય કાર્યકારી અધિકારી કેસને જણાવ્યું હતું કે અમે આ વર્ષે ૨૭ જાન્યુઆરીએ ચેન્નાઈથી બલુન સેટ છોડયો હતો.

તેમણે જણાવ્યું હતું કે આ વિડીયો આઝાદીના ૭૫ વર્ષ પુરા થવાના અવસરે જાહેર કરાયો છે. બલુન સેટ સાથે જોડાયેલા ખાસ કેમેરાની મદદથી અંતરિક્ષમાં લહેરાતા તિરંગાને વિડીયો બનાવાયો હતો.

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

એન. એ. રાઠોડ

તરફથી અભીનંદન....

મુ. આગરવાડા,
તા. મોરવા(હ),
જી. પંચમહાલ

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

બી. ડી. બારીઆ

તરફથી અભીનંદન....

મુ. આગરવાડા,
તા. મોરવા(હ),
જી. પંચમહાલ

તા.૧૭/૦૮/૨૦૨૨
બુધવાર

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લા કક્ષાની ૭૬માં સ્વાતંત્ર્ય પર્વની શાનદાર ઉજવણી વીરપુર ખાતે યોજાઈ





સંતરામપુર તાલુકાના બાબરોલ ખાતે તાલુકા કક્ષાની ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો. સંતરામપુર તાલુકાના બાબરોલ ખાતે ૧૫મી ઓગસ્ટ અને સ્વતંત્ર પર્વની ઉજવણી તાલુકા કક્ષાનો કાર્યક્રમ બાબરોલ ખાતે રાખવામાં આવેલો હતો. પ્રાંત અધિકારી યાદવ વરદ્દહસ્તે ધ્વજ વંદન કરાયું હતું.



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર તાલુકાની કણજરા પ્રાથમિક શાળામાં આઝાદીના અમૃત મહોત્સવ માં તિરંગા યાત્રા અને શાળામાં ધ્વજ વંદન કરવામાં આવ્યું. શાળામાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા તિરંગા યાત્રા ગ્રામજનો સાથે કાઢવામાં આવી અને પંચાયત ઘર ખાતે ધ્વજ વંદન કાર્યક્રમ વહીવટીદારના હસ્તે કરવામાં આવ્યું.




તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત દેશવાસીઓમાં રાષ્ટ્રીય ભાવના પ્રબળ બને તે અર્થે લુણેશ્વર પોલીસ ચોકી ખાતેથી સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી પ્રદીપભાઈ પરમાર સહિતના આગેવાનોની ઉપસ્થિતિમાં ત્રિરંગાયાત્રાનો પ્રારંભ થયો હતો.

લુણાવાડા, મહીસાગર જિલ્લામાં ૭૬માં સ્વાતંત્ર્ય પર્વની શાનદાર ઉજવણીવીરપુર ખાતેગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના મંત્રી અને જિલ્લા પ્રભારી મંત્રી અર્જુનસિંહ ચૌહાણે ધ્વજ વંદન કરી ત્રિરંગાને સલામી આપી હતી. મહીસાગર જિલ્લામાં મહાનુભાવો અને અધિકારીઓના હસ્તે વિવિધ વિભાગના શ્રેષ્ઠકર્મીઓ અને રમતવીઓ કલાકારોને પ્રમાણપત્ર આપી સન્માન કરાયું.

જિલ્લા પ્રભારી મંત્રી અર્જુનસિંહ ચૌહાણે જિલ્લા કક્ષાના રાષ્ટ્રીય પર્વ નિમિત્તે નાગરીકોને શુભકામના પાઠવી સંબોધતાં જણાવ્યું હતું કે, આજના આ પર્વની ઉજવણી વિરપુર ખાતે થઇ રહી છે. તે આપણા બધા માટે ગૌરવની વાત છે તેમજ ભારતની આઝાદી માટે જાન ન્યોછાવર કરનારા અનેક નામી અનામી શહિદોને શ્રધ્ધા સુમન અર્પણ કરૂ છું.

દેશવાસીઓમાં સ્વાભિમાનની રાષ્ટ્રચેતના જગાડવાના અવસર સમાન આઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગત રાષ્ટ્રના ૭૫ મા વર્ષની ઉજવણીના ભાગરૂપે હર ઘર તિરંગા અભિયાન તા.૧૩ થી ૧૫મી ઓગસ્ટ સુધી ઉજવવામાં આવ્યું. આજની યુવા પેઢીને દેશની આઝાદીમાં મહામૂલું યોગદાન આપનાર આ વીર સપૂતોની ગાથાઓથી વાકેફ કરીને રાષ્ટ્રભાવનાને વધુ પ્રજ્જવલિત કરવામાં આવી. આજે ભારત દેશ પ્રત્યે, આપણી ભારતીય સંસ્કૃતિ પ્રત્યે, આપણા વ્યવહાર પ્રત્યે સારી લાગણીઓ અને આપણા રાષ્ટ્રધ્વજની સમગ્ર વિશ્વ નોંધ લઈ રહ્યું છે.

મંત્રીએ વધુમાં જણાવ્યું કે, દેશના તમામ નાગરીકો આજે ગર્વથી કહે છે કે યે આન તિરંગા હૈ, યે શાન તિરંગા હૈ, મેરી જાન તિરંગા હૈ, અરમાન તિરંગા હૈ, અભિમાન તિરંગા હૈ. હર ઘર તિરંગા અભિયાનમાં મહીસાગર જિલ્લાના નાગરિકોએ તન-મન-ધનથી ઉત્સાહભેર ભાગ લઈને સમગ્ર દેશ સહિત રાજય, જિલ્લામાં ગામે-ગામ દેશનું ગૌરવ-દેશનું અભિમાન-ત્રિરંગો હર ઘરની શાન બનાવી રાષ્ટ્રધ્વજને લહેરાવીને રાષ્ટ્ર ભાવનાને વધુ પ્રબળ બનાવી સમગ્ર દેશમાં એક અનોખું દેશભક્તિ સભર વાતાવરણ ઉભું કર્યું તે બદલ મંત્રીએ જિલ્લાના નાગરિકોને અભિનંદન પાઠવ્યા હતા.

મહીસાગર નદી અને માનગઢ જિલ્લાની આગવી ઓળખ છે. મહીસાગર જિલ્લામાં આવેલું માનગઢ હીલ શ્રધ્ધેય ગોવિંદ ગુરૂ પ્રત્યેની આદિવાસીઓની આસ્થા શ્રદ્ધા અને શુરવીર-શહાદતનું પવિત્ર સ્થાન છે. જિલ્લાના બાલાસિનોર તાલુકામાં રૈયોલી ગામ જયાં વિશ્વકક્ષાનું ફોસીલ પાર્ક બનાવવામાં આવેલ છે. જે આજે દેશ-વિદેશના પર્યટકો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.

મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ માટે ચાલુ વર્ષે આઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગત રાજયના નાગરિકોને તેમજ ખેડૂતોને સિંચાઈના પાણીનીમુશ્કેલી ન પડે તે માટે સરકારે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સમગ્ર રાજયના તમામ જિલ્લાઓમાં ૭૫ તળાવોમાં પાણીનો સંગ્રહ વધુ પ્રમાણમાં થાય તે માટે અમૃત સરોવરો બનાવવાનું આયોજન કર્યું છે.

મહીસાગર જિલ્લામાં પણ અમૃત સરોવરો આકાર પામી રહ્યા છે. જે પૈકી આજે જિલ્લાના વિવિધ તાલુકાઓમાં તૈયાર થયેલા વિવિધ અમૃત સરોવરોનું લોકાર્પણ કરવામાં આવી રહ્યું છે. જિલ્લાના જે ગામોમાં આ અમૃત સરોવર આકાર લઈ રહ્યા છે તે ગામોમાં આ તળાવો એક રમણિય સ્થળ બની રહે તે માટે મનરેગા યોજના હેઠળપાથ-વે, નાગરિકોને બેસવા માટે બાંકડા, તળાવની ફરતે વૃક્ષોનું વાવેતર, બાળકો આનંદ-પ્રમોદ કરી શકે તે માટેની વ્યવસ્થાકરવામાં આવી રહી છે તે બદલ જિલ્લા વહીવટીતંત્રને અભિનંદન પાઠવું છું.

આ કાર્યક્રમ પ્રસંગે વિરપુર તાલુકા સહિત જિલ્લાની વિવિધ શાળાના બાળકો દ્વારા દેશ ભક્તીના સાસ્કૃતિક રજૂ કર્યા હતા. કાર્યક્રમ સ્થળે મંત્રી અર્જુનસિંહ ચૌહાણ સહિત કલેક્ટર ડો.મનીષકુમાર અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. મંત્રીના હસ્તે જિલ્લાના વિકાસ માટે જિલ્લા કલેક્ટરને રૂા.૨૫ લાખનો ચેક અર્પણ કરાયો.

આ કાર્યક્રમમાં જિલ્લા પચાયત પ્રમુખ રમિલાબેન ડામોર,પંચમહાલ સાંસદ રતનસિહ રાઠોડ, ધારાસભ્ય જીગ્નેષભાઈ સેવક, બાલાસિનોર ધારાસભ્યર અજીતસિહ ચૌહાણ,જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણી, જિલ્લા પોલીસવડા આર.પી. બારોટ, અધિક નિવાસી કલેક્ટર એ.આઇ. સુથાર, ડીઆરડીએ ડાયરેક્ટર જે.કે. જાદવ, લુણાવાડાપ્રાંત અધિકારી એ.કે. ગૌતમ, બાલાસિનોર પ્રાંત અધિકારીસહિત આમંત્રિત મહેમાનોઉપસ્થિત રહીને આ રાષ્ટ્રીય પર્વને ઉત્સાહ ભેર ઉજવણી કરવામાં આવી હતી.




સંતરામપુરની સર્વોદય વિદ્યા પ્રાથમિક શાળામાં સ્વતંત્ર પર્વ દિવસ નિમિત્તે ઉજવણી કરવામાં આવી અને તિરંગા યાત્રા યોજાઇ હતી. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તથા શિક્ષકો જોડાયા હતા.



લુણાવાડા પટ્ટણ ગામના ચિત્રકાર ભીખાભાઈ માછીએ આઝાદીકા અમૃત મહોત્સવ નિમિત્તે એક કેનવાસ પર પેઈન્ટિંગ બનાવ્યું છે. દેશમાં આવતા આવા અભિયાનો ઉત્સવોમાં પેન્ટિંગ બનાવી લોકજાગૃતિનો એક સંદેશ આપી રહ્યા છે.


## મહીસાગર જિલ્લામાં વરસ્યો ધોધમાર વરસાદ : બે કલાકમાં બે ઈંચ વરસાદ ખાબકતા વાતાવરણ ઠંડુગાર બન્યું

લુણાવાડા, મહીસાગર જિલ્લામાં હવામાન વિભાગ દ્વારા વરસાદની આગાહી કરવામાં આવી હતી. તે પ્રમાણે વહેલી સવારથી લુણાવાડા શહેર સહિત જિલ્લા ભરમાં વરસાદી માહોલ જામ્યો હતો. ત્યારે બપોરે ૧૨ વાગ્યાથી ૨ વાગ્યા સુધીમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. જેના કારણે લુણાવાડાના માંડવી બજાર, હુસેની ચોક, હટાડીયા બજાર, પીપળી બજાર, દરકોલી દરવાજા સાહિતન અનેક વિસ્તારોમાં ગુટણ સમાં પાણી વહ્યા હતા લુણાવાડા શહેરમાં ૧૨ વાગ્યા થી બપોરના ૨ વાગ્યા સુધીમાં દોઢ ઈંચ વરસાદ વરસ્યો હતો. વરસાદના કારણે વાતાવરણમાં પણ ઠંડક પ્રસરી છે. બીજી બાજુ મહીસાગર જિલ્લાના ખેડૂતોમાં પણ સારા વરસાદને લઈને ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. ત્યારે જિલ્લાના અન્ય વિસ્તારોમાં હજી સારા વરસાદની ખેડૂતો આશા સેવી રહ્યા છે. ત્યારે હવામાન વિભાગની આગાહી પ્રમાણે હજુ પણ જિલ્લામાં સારો વરસાદ પડે તેવી આગાહી કરવામાં આવી હતી.



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

## પંચમહાલના પાનમ ડેમમાં ૧૦૦૦ ક્યુસેક પાણીની આવક નોંધાઈ



શહેરા, શહેરા સહિત સમગ્ર જિલ્લામાં મંગળવારના રોજ વરસાદી માહોલ જોવા મળવા સાથે પાનમ જળાશયમાં ૧૦૦૦ ક્યુસેક પાણીની આવક થવા પામી હતી. જ્યારે કડાણા ડેમમાંથી પાણી છોડવાની શકયતાના લઈને તાલુકાના નાથુજીના મુવાડા સહિતના ૧૨ગામોને એલર્ટ કરવામાં આવતા તાલુકા વિકાસ અધિકારી રણજીતસિંહ અને નાયબ મામલતદાર સહિતની ટીમે ગામોની મુલાકાત લઈને ગ્રામજનોને નદી કિનારે નહિ જવા સહિતની જરૂરી સુચના આપી હતી.

શહેરા તાલુકામા મંગળવાર ના રોજ વરસાદી માહોલ જોવા મળવા સાથે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. તાલુકા પંથકમાં દિવસ દરમિયાન વરસાદી માહોલ રહેતા બજારોમાં લોકોની અવરજવર પર બ્રેક લાગવા સાથે લોકોને રેઈનકોટ અને છત્રી નો સહારો લેવો પડ્યો હતો. જિલ્લાના જીવા દોરી સમાન પાનમ જળાશયમાં ઉપરવાસમાં વરસાદ ની હેલી થતા પાણીઆવક શરૂ થઈ હતી. જળાશયમાં ૧૦૦૦ ક્યુસેક પાણીની નવી આવક ને લઈને જળ સપાટીમાં પણ સામાન્ય વધારો થતો જોવા મળ્યો હતો. જ્યારે મહીસાગરના કડાણા જળાશયમાં પણ ઉપરવાસમાંથી સતત પાણીની આવક થતી હોવાથી જળાશયની જળ સપાટી લેવલ જાળવવા માટે ડેમના ગેટ ખોલવાની શકયતાને પગલે તાલુકાના ભીમથલ, બોરડી, વાંકા, હડકાઈ માતા ના મુવાડા રામગઢી સહિતના ૧૨ ગામોને તંત્ર દ્વારા એલર્ટ કરવામાં આવ્યા હતા. તાલુકા વિકાસ અધિકારી રણજીતસિંહ અને નાયબ મામલતદાર પરેશ મહેતા એ ખરોલી, નાથુજીના મુવાડા, વલ્લવપુર, બિલીથા, બોરડી સહિતના ગામોની મુલાકાત લઈને પરિસ્થિતિથી વાકેફ થઈને ગ્રામજનોને નદી કિનારે ન જવા સહિત જરૂરી સુચનાઓ આપવામાં આવી હતી. વરસાદી માહોલને લઈને તાલુકાવાસીઓને પણ ચોમાસાની ઋતુને અહેસાસ થવા સાથે ખેડૂતો પણ ખેતી કામમાં જોતરાયા હતા.


## કડાણા ડેમ માંથી છોડવા શકયતાને લઈ ૧૨ ગામો એલર્ટ કરાયા

## સંતરામપુર ST ડેપોની બસને મુસાફરો ધક્કો મારવા મજબુર



સંતરામપુર, સંતરામપુર એસટી ડેપોમાં ચાલુ બસમાં મુસાફરી કરવી હોય તો મુસાફરમ બસમાં ધક્કો તો મારવો જ પડશે. સંતરામપુર એસટી ડેપોમાં સુરત-સંતરામપુર બસ સવારે બસ ડેપોમાં જ ચાલુ નહીં થતાં ૨૦ જેટલા મુસાફરો અડધો કલાક સુધી બસને ધક્કો મારીને સ્ટાર્ટ કરવા કરી. સંતરામપુર એસટી ડેપો મંચ વર્કશોપ અને મેકેનિકલ હોવા છતાંય મુસાફરો ધક્કો મારવાના મજબૂર કર્યા અને મુશ્કેલી પાડી લાંબા રૂટમાં બસને બગડી ગયેલી બસો આટલા લાંબા રૂટમાં દોડાવતા હોય છે. ચાલુ વરસાદમાં મુસાફરો જોડે ધક્કો મારાવ્યો હતો.

## સંતરામપુરના પ્રતાપપુરામાં પંચરની દુકાનમાં કોમ્પ્રેસર ફાટ્યું : સદ્દનસીબે જાનહાનિ ટળી



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુર પ્રતાપુરા વિસ્તારમાં પંચરની દુકાનમાં કોમ્પ્રેશન ફાટ્યો સદનસીબે કોઈ જાનહાની થઈ નથી. સંતરામપુર પ્રતાપપુરા વિસ્તારમાં પંચરની દુકાનમાં અચાનક કોમ્પ્રેસર ફાટતા ૧૦ કિ.મી.ની અંદર ધડાકો થયો. આજુબાજુના રહીશો ઘરની બહાર નીકળી ગયા કલાક સુધી દો ડર અને બીકનો માહોલ જોવા મળ્યો. સંતરામપુર પ્રતાપુરા વિસ્તારમાં વિજયભાઈ બાપુ પંચરની દુકાન ધરાવતા હતા. દુકાનમાં આ જ સવારે દુકાન ખોલીને પંચર કાઢવા માટે કોમ્પ્રેસર ચાલુ કર્યું હતું. અચાનક જ કોમ્પ્રેશન ફાટવાથી સીલીંગના ઉપરની બાજુ પર ધડાકો થતા ચારે બાજુ દીવાલને મોટર અને સાધન સામગ્રી અથડાતાં દિવાનને તિરાડો પડી ગઈ અને છાત ઉપર ટી ગડરને ઉછડીને ભટકાતા ઘટનાને ગોબો પડી ગયો અને તેની બાજુનો પંખો પણ તૂટી ગયો અને ટી ગધરે એટલો મોટો ધડાકો થતા લોખંડની ટી ગડર છતની ઉપરથી જગ્યા છોડી કોમ્પ્રેસરના બે ટુકડા અને ફાડા થઈ ગયા દુકાનદારને કહેવું છે અમે થોડીક દૂર હોવાના કારણે બચી ગયા છે. નાની મોટી ઈજાઓ થઈ છે. આવી રીતે ધડાકો થતા સંતરામપુર નજીક આવેલું ૧૦ સળ ની અંતર નટવા ગામ સુધી ધડાકાનો અવાજ સંભળાયો પરંતુ કોઈ જાનહાનિ થયેલ નથી. પંચરની દુકાન કોમ્પ્રેસરની બાજુમાં પણ જોખમ હવે ચેતવા જેવું છે. દુર્ઘટના પણ બની શકે.

## લુણાવાડા ખાતે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી પ્રદીપભાઈ પરમારની ઉપસ્થિતિમાં વણકર સમાજના દર્પણ ડાયરીનું વિમોચન કરાયું



લુણાવાડા, મહીસાગર જિલ્લાના લુણાવાડા અખિલ ભારતીય વણકર સમાજ મહાસંઘ મહીસાગર દ્વારા આયોજિત સન્માન સમારંભ કાર્યક્રમ સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી પ્રદીપભાઈ પરમારની ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ કાર્યક્રમમાં સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી પ્રદીપભાઈ પરમારે જણાવ્યું હતું કે . ગુજરાતમાં કોઈ પણ સમાજના વ્યક્તિને લાઈબ્રેરી બનાવવી હોઈ તો સરકાર તરફથી પાંચ લાખ સુધીની ગ્રાન્ટ આપવામાં આવે છે અને જે લોકોને વિદેશ અભ્યાસ કરવા જવું હોઈ તો પેહલા ૧૮ ડોક્યુમેન્ટ જરૂર પડતા તે હવે ૮ ડોક્યુમેન્ટ આપી વિદેશ જઈ શકે છે. પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત મકાનો આપવામાં આવે છે. તેમ જણાવા આઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગત હર ઘર તિરંગા અભિયાનમાં દરેક પોતાના ઘર-ઓફીસ-દુકાનો પર ધ્વજ ફરકાવવા અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં મંત્રી પ્રદીપભાઈ પરમાર તેમજ મહાનુભાવોના હસ્તે અખિલ ભારતીય વણકર સમાજ મહાસંઘ, મહીસાગર દર્પણ ડાયરીનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં લુણાવાડા ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવક,અગ્રણી દશરથભાઈ બારીયા, વણકર સમાજના વિવિધ આગેવાનો તેમજ મોટી સંખ્યામાં ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

## મહીસાગર જિલ્લા ગાયત્રી પરિવાર દ્વારા નિઃશુલ્ક આરોગ્ય શિબિર યોજાઈ



લુણાવાડા, ગુજરાતમાં પહેલી વખત મહીસાગર જિલ્લામાં લુણાવાડા પર પાટીદાર હોલમાં ગાયત્રી પરિવાર દ્વારા ન નિઃશુલ્કઆરોગ્ય શિબિર યોજાઈ. જેમાં ઘૂંટણના સાંધાના મણકાના દુખાવા ડાયાબિટીસ ન્યુરોલોજીકલ અર્થ સોસાયટી મગજ જેવાની શુભ શિબિર યોજવામાં આવી. જેમાં મુખ્ય વક્તા ડોક્ટર એમ.એલ. પરિહાર, વિશેષ ભૂપેન્દ્ર પંડ્યા તથા સામાજીક કાર્યકર એસ.એમ. ખાંટ તથા અન્ય અગ્રણીઓ હાજર રહ્યા હતા. બે દિવસ શિબિરનો કાર્યક્રમ ચાલ્યું હતું. સામાજિક કાર્યકર એસ.એમ.ખાંટ ૨૧,૦૦૦નો ચેક પણ અર્પણ કર્યું હતું. શિબિરમાં બે દિવસમાં લગભગ ૧૨૫ જેટલા દર્દીઓ અને સારવાર લીધી હતી.

## આપની આજ.......

મેષ : આજે કાર્ય-ઉદ્યોગમાં ધન લાભ થશે અને રાજ્યની સહાય પણ મળશે. તમે રચનાત્મક કાર્યમાં આનંદ મેળવશો. તમારે ખર્ચ કરવાનો વિચાર કરવો પડશે નહીં, તેમ છતાં ધ્યાનમાં પણ રાખો કે કોઈ વ્યર્થ ખર્ચ થાય નહીં.

વૃષભ : આજે તમને દરેક કાર્યમાં પરિવારના સભ્યોનો સહયોગ મળશે. દિવસની શરૂઆતમાં સારા સમાચાર મળવાથી ઉત્સાહ વધશે. દૈનિક કાર્યો વહેલા પૂર્ણ થશે. વ્યવસાયમાં પ્રગતિની સંભાવનાઓ બની રહી છે.

મિથુન : આજે પરિસ્થિતિમાં થોડી રાહત મળશે. પરંતુ તમારો સ્વભાવ વિવાદ કરી શકે છે, તેથી ઘરના વડીલો સાથે સાવચેતી રાખો, નહીં તો કડવી વાતો સાંભળી શકાય તેમ છે.

કર્ક : આજે પણ પરિસ્થિતિ તમારી તરફેણમાં રહેશે, પરંતુ આજે તમારો સ્વભાવ બદલાશે. આજે પૈસા આવતાની સાથે તે જવા માટેના રસ્તા બનાવશે.

સિંહ : આજનો દિવસ મિશ્રિત ફળદાયક રહેશે. દિવસની શરૂઆતમાં કોઈ નાની ભૂલને કારણે પરિવારના સભ્યો સાથે દલીલ થઈ શકે છે. આ પછી પણ, શાંતિ રહેશે નહીં. આજે લોકો તમારી સાથે માત્ર કામ માટે જ વ્યવહાર કરશે.

કન્યા : આજે બાળકો સંબંધિત સમસ્યાઓના સમાધાનમાં દિવસ વિતાવશો. વિદ્યાર્થીઓ કોઈપણ સ્પર્ધામાં જીતી શકે છે. વાહન અને જમીન ખરીદવાનો સુખી સંયોગ પણ હોઈ શકે છે.

તુલા : આજે તમને અચાનક નાણાકીય લાભથી આશ્ચર્ય થશે. દિવસના પહેલા ભાગથી શુભ સંકેતો આવવાના શરૂ થશે, પરંતુ સ્પષ્ટતાના અભાવને કારણે તમે મુશ્કેલીમાં મુકાઈ શકો છો.

વૃશ્ચિક : આજે કાર્યસ્થળ પર વિવાદ કરવાનું ટાળો. બપોર સુધી આર્થિક મુશ્કેલીઓ તમને પરેશાન કરશે, ત્યારબાદ અચાનક મળેલા લાભથી થોડી રાહત મળશે. જ્યારે ઘરના સભ્યોની ઈચ્છા પૂર્ણ થાય ત્યારે તમે ખુશ થશો.

ધનુ : આજનો દિવસ તમારા માટે સામાન્ય રહેશે. દિવસનો પહેલો ભાગ એક અથવા બીજા કારણસર અશાંત રહી શકે છે. શરૂઆતમાં વિક્ષેપના કારણે કાર્યસ્થળમાં પરેશાની રહેશે પરંતુ બપોર પછી પરિસ્થિતિ સામાન્ય થઈ જશે.

મકર : આજે તમારું માન અને સન્માન વધશે, પરંતુ કોઈના દ્વારા ગેરમાર્ગે દોરવાથી તમે તમારા માટે મુશ્કેલી ઊભી કરી શકો છો, તેથી સાવચેત રહો. સ્વાર્થી લોકો તમારા સંપર્કમાં વધુ રહેશે.

કુંભ : આજે ધૈર્ય રાખવાની જરૂર છે. તમારા મોટાભાગનાં કામો બગડવાના કારણે મનમાં નકારાત્મક લાગણીઓ ઊભી થઈ શકે છે. જ્યાંથી તમે લાભની સંભાવનાઓ રાખશો ત્યાંના ખરાબ સમાચારને કારણે મન ઉદાસ થશે.

મીન : આજે સવારથી જ સ્વાસ્થ્ય નરમ રહેશે, કશું કરવાનું મન કરશે નહીં, સ્વભાવમાં ચીડિયાપણું હોવાને કારણે આસપાસના વાતાવરણ તમારા કારણે ખળભળાટ મચી જશે.

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# પંચમહાલ જિલ્લા કક્ષાના ૭૬માં સ્વાતંત્ર્ય પર્વની શાનદાર ઉજવણી પોલીસ પરેડ ગ્રાઉન્ડ જાંબુઘોડા ખાતે કરાઇ





ગોધરા તાલુકાની વણાંકપુર પ્રાથમિક શાળામાં ૭૫માં આઝાદી નો અમૃત મહોત્સવ ઉજવણીના ભાગ રૂપે તિરંગા યાત્રા અને વૃક્ષ રોપણનો કાર્યક્રમ કરાયો. આઝાદી અમૃત મહોત્સવની ઉજવણીની દેશ ભરમાં રંગે ચંગે ઉજવાઈ રહી છે. ત્યારે શાળાના બાળકોમાં ઉત્સાહ અને થનગનાટ જોવા મળ્યો.



આપણો દેશ ૭૬ માં સ્વાતંત્ર્ય પર્વની શાનદાર ઉજવણી કરી રહ્યો છે. ઘરે ઘરે ત્રિરંગા ધ્વજ અભીયાનના આહવાન સાથે હાલોલ રૂરલ પોલીસ સ્ટેશન ખાતે હાલોલ રૂરલ પી.આઈ. આર.એ. જાડેજા, અરવીંદભાઈ, કમલેશભાઈ, જયેશભાઈ, નીલેશભાઈ તેમજ હાલોલ રૂરલ પોલીસ સ્ટાફ હાજર રહી આર.એ. જાડેજા નાઓની આગેવાની હેઠળ રૂરલ પોલીસ સ્ટેશન ખાતે રાષ્ટ્રધ્વજ ફરકાવતા અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા તાલુકામાં શાળા કોલેજો તેમજ વિવિધ સ્થળે ૭૬માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જ્યારે તાલુકા કક્ષાના કાર્યક્રમમા મંગલીયાણા પ્રાથમિક શાળા ખાતે પ્રાંત અધિકારી રાહુલ ચૌધરીના હસ્તે ધ્વજવંદન કરવા આવ્યુ હતું.

ગોધરા,
જિલ્લાના ૭૬માં સ્વાતંત્ર્ય પર્વની શાનદાર ઉજવણી પંચમહાલ જિલ્લાના જાંબુઘોડાના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે પંચમહાલ જિલ્લા કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ સુજલ મયાત્રાએ ધ્વજ વંદન કરી ત્રિરંગાને સલામી આપી હતી. આ કાર્યક્રમના અધ્યક્ષના હસ્તે જાંબુઘોડા તાલુકા પંચાયતના વિકાસ કાર્યો માટે રૂા.૨૫.૦૦ લાખનો ચેક ટી.ડી.ઓ.ને એનાયત કરવામાં આવ્યો હતો. સાથે સાથે જિલ્લામાં ઉત્કૃષ્ઠ કામગીરી અને વિશિષ્ટ સિધ્ધી બદલ અધિકારીઓ/ કર્મચારીઓ, રમતવીરોને પ્રમાણપત્ર આપી સન્માન કર્યું હતું.

આ પ્રસંગે જિલ્લા કલેક્ટર સુજલ મયાત્રાએ જિલ્લા કક્ષાના રાષ્ટ્રીય પર્વ નિમિત્તે વરિષ્ઠ નાગરિકો, મહાનુભાવો, અધીકારીગણોનું હાર્દિક સ્વાગત કરી ભારતના ૭૬ માં સ્વાતંત્ર્ય પર્વની આપ સૌને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી સંબોધતાં જણાવ્યું હતુ કે, આપણો દેશ તેના અમૃતકાળ માંથી પસાર થઈ રહ્યો છે. ત્યારે દેશની આઝાદી માટે પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરનાર દેશના વીર સપૂતોના સ્વપનનું ભારત હવે આકાર લઈ રહ્યું છે, તેનું આપણને સૌને ગૌરવ છે. આઝાદીની આહલેકમાં ગુજરાતની ભૂમિનું અદકેરૂં પ્રદાન રહ્યું છે. મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ, વીર સાવરકર, શ્યામજીકૃષ્ણ વર્મા જેવા અનેક સ્વાતંત્ર્યવીરોએ આઝાદી માટે સંઘર્ષ કર્યો છે. આપણે સૌ આ આઝાદીના અમૃત મહોત્સવ ઉજવી રહ્યા છીએ ત્યારે તેમના યોગદાનને ગૌરવ પૂર્વક યાદ કરી તેમને સત સત વંદન કરૂં છું. દેશની એકતા, અખંડીતતા અને ગૌરવના પ્રતિક સમાન તિરંગાના સન્માન માટે હર ઘર તિરંગાની સંકલ્પના આપવામાં આવી ત્યારે તમામ દેશવાસીઓ જાતી, ધર્મ કે સરહદોથી પર ઉઠીને તિરંગાના સન્માન માટે એક થઈએ અને એક ભારત શ્રેષ્ઠ ભારતનો મંત્ર સાર્થક કરી રહ્યા છીએ.

પંચમહાલ જિલ્લાની વાત કરીએ તો આરોગ્યમાં ગોધરા ખાતે રૂપિયા ૫૧૨ કરોડના ખર્ચે નવીન સરકારી મેડિકલ કોલેજ મંજુર થયેલ છે. જનરલ હોસ્પિટલ ગોધરા ખાતે ૪૦૦ બેડની કોવિડ – ૧૯ હોસ્પિટલ, આરટીપીસીઆર લેબોરેટરી સહિતની સુવિધાઓ કાર્યરત કરેલ છે. પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના હેઠળ પંચમહાલ જિલ્લામાં ૪૦ હજાર ૪૧૩ સુભ , ૩૭ હજાર ૨૮૨ યસુભ તથા ૩૩ હજાર ૧૪૨ કનેક્શન નું જોડાણ કરવામાં આવ્યું છે. પ્રધાનમંત્રી ગ્રામીણ આવાસ યોજના હેઠળ પંચમહાલ જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૭૧૭૪૬ આવાસો મંજૂર થયેલ છે. ૫૭૩૬૬ આવાસોની કામગીરી પૂર્ણ થયેલ છે. આ યોજનાના કુલ ૫૩૮૧૬ લાખ રૂપિયા લાભાર્થીઓના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. આ યોજના થકી જિલ્લાના છેવાડાના વ્યક્તિને પણ પોતાનું પાકું ઘર મળ્યું છે.પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત પંચમહાલ જિલ્લામા સરેરાશ ૨ લાખ ૨૨ હજાર ૮૫ લાભાર્થીઓને અનાજ વિતરણ કરવામાં આવ્યું છે. ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના કે જેમાં સરકાર દ્વારા વિધવા બહેનોને માસિક ૧૨૫૦ રૂપિયા સહાય કરવામાં આવે છે. જે અંતર્ગત અત્રે ૮૮૯૪ લાભાર્થીઓ લાભ મેળવી રહ્યા છે.આ સિવાય વયવંદના યોજના અંતર્ગત જિલ્લામાં ૬૫૩૨ લાભાર્થીઓ લાભ મેળવી રહ્યા છે. પ્રધાનમંત્રી મુદ્રા યોજના અંતર્ગત ૫૧૪૨૨ લાભાર્થીઓ નોધાયા છે જેમાં ૨૧૭૭૪ લાભાર્થીઓને સહાય આપવામાં આવી છે. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત પંચમહાલ જિલ્લામાં ૨ લાખ ૩૦ હજાર ૯૦૦ ખેડૂતોએ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવેલ છે. જેમાં સરકાર દ્વારા કુલ ૧૧ હપ્તામાં અત્યાર સુધી ૪૨૭.૧૯ કરોડની રકમની સહાય આપવામાં આવી છે.પંચમહાલ જિલ્લામાં કુલ ૨૦૦૦ આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે. ૭૩ લાખ ૫૭ હજાર ૧૦૦ લાભાર્થીઓ કે જેઓ ૩ થી ૬ વર્ષના બાળકોને પૂર્વ પ્રાથમિક શિક્ષણનો લાભ આપવામાં આવે છે. ૧૨ લાખ ૪૧ હજાર ૪૦૦ ધાત્રી માતાઓને માતૃશક્તિના ચાર પેકેટનો લાભ આપવામાં આવે છે. સગર્ભા માતાઓ અને ધાત્રી માતાઓને બુધવાર અને શુક્રવારના રોજ દૂધ સંજીવની યોજનાનો લાભ આપવામાં. આવે છે.



શહેરા તાલુકાના મોરવા રેણા ગામમાં આવેલ કે.એમ.મહેતા હાઈસ્કુલ ખાતે ૭૬મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી. ગામના માજી સરપંચ તેમજ માજી તાલુકા ડેલિકેટ રમણભાઈ ડાયાભાઈ રોહિતના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. શાળાના મેદાનમાં આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો અને શાળા પરિવાર દ્વારા વૃક્ષારોપણ કરીને દરેક વિદ્યાર્થીઓને પોતાના ઘરે એક વૃક્ષ વાવવા માટે અપીલ કરી હતી.

કાર્યક્રમ બાદ કલેક્ટર અને મહાનુભાવોના હસ્તે જાંબુઘોડાના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી અર્જુનસિંહ રાઠોડ, જિલ્લા પોલીસવડા હિમાંશુ સોલંકી, પ્રાંત અધિકારી હાલોલ સહિત આમંત્રિત મહેમાનો, બાળકો અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહીને આ રાષ્ટ્રીય પર્વને ઉત્સાહ ભેર ઉજવણી કરવામાં આવી હતી.



તસ્વીર : નુર બાલા, વેજલપુર

કાલોલ તાલુકાના વેજલપુર ગામના વિવિધ સ્થળો ઉપર ૧૫ ઓગસ્ટ ના રોજ ૭૬ માં સ્વતંત્રતા દિન નિમિત્તે વિવિધ સ્થળો ઉપર આન-બાન સાથે તિરંગો લેહરાવીને ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વેજલપુર પોલીસ સ્ટેશન ગ્રામ પંચાયત કે.કે.હાઈસ્કુલ, લઘુમતી હાઈસ્કુલ, ઉર્દૂ શાળા, કુમાર શાળા, કન્યા શાળા મહીસાગર તળાવ જેવા અન્ય વિવિધ સ્થળો ઉપર તિરંગો લેહરાવીયો હતો.

# દાહોદ બિલકિસબાનું કેસ : ગોધરા સબ જેલમાંથી આજીવન કેદની સજાના ૧૧ કેદીઓને જેલમુક્ત કરાયા

## આરોપીઓએ ૧૮ વર્ષની સજા કાપ્યા બાદ સુપ્રીમકોર્ટમાં કરી હતી અરજી



ગોધરા,
ગોધરા સબજેલમાં કેદ બિલકિસ બાનુ કેસના ૧૧ આરોપીઓને જેલ મુક્ત કરાયા છે. બિલકિસ બાનુ કેસના ૧૧આરોપીઓને જેલમુક્ત કરવા રાજ્ય સરકારે હુકમ કર્યો હતો. મહત્વનું છે કે, આ આરોપીઓ પર દાહોદમાં સામૂહિક દુષ્કર્મ, હત્યા અને રાયોટિંગનો ગુનો નોંધાયો હતો. આ મામલે ગુનો નોંધાતા CBIની સ્પેશિયલ કોર્ટે આરોપીને આજીવન કેદની સજા ફટકારી હતી.

ઉલ્લેખનીય છે કે, આરોપીઓએ ૧૮ વર્ષની સજા કાપ્યા બાદ સુપ્રીમકોર્ટમાં અરજી કરી હતી. સુપ્રીમકોર્ટે અરજીને ધ્યાનમાં રાખી ગુજરાત સરકારને નિર્ણય લેવા આદેશ કર્યો હતો. જે બાદ રાજ્ય સરકારે આરોપીઓને જેલમુક્ત કરવાનો આદેશ આપ્યો. તમામ ૧૧ કેદીઓને મુક્ત કરવાનો હુકમ કરતા આજે તેઓને જેલમુક્ત કરાયા.

સુપ્રીમ કોર્ટે ગુજરાત સરકારને સામૂહિક દુષ્કર્મ પીડિતા બિલકિસ બાનોને ૫૦ લાખ રૂપિયા આપવાનો આદેશ કર્યો હતો. આ રકમ તેમને વળતર રૂપે આપવામાં આવી હતી. કોર્ટે સરકારના નિયમો અનુસાર બાનોને એક સરકારી નોકરી અને મકાન આપવાનો પણ આદેશ અપાયો હતો. આ સિવાય બિલકિસ બાનોને સરકારી નોકરી અને તેમની પસંદગીની જગ્યા પર સરકારી આવાસ ઉપલબ્ધ કરવવાનો આદેશ પણ સુપ્રીમ કોર્ટે આપ્યો હતો. મુખ્ય જજ રંજન ગોગોઇની અધ્યક્ષતા વાળી પીઠે આ મામલે સુનાવણી કરી હતી.

ઉલ્લેખનીય છે કે, ૨૦૦૨માં ગોધરાકાંડ વખતે અમદાવાદમાં ૧૭ લોકોએ બિલકિસના પરિવાર પર હુમલો કર્યો હતો. ત્રણ માર્ચ, ૨૦૦૨ના રોજ દાહોદ પાસે દેવગઢ બારીયા ગામમાં ટોળાએ બિલકિસ બાનો અને તેમના પરિવાર પર હુમલો કરી દીધો હતો. આ દરમિયાન ૭ લોકોની હત્યા કરી દેવાઈ હતી અને બિલકિસ પર સામુહિક દુષ્કર્મ આચરાયું હતું. દુષ્કર્મ આચરાયું. ત્યારે બિલકિસને પાંચ મહિનાનો ગર્ભ હતો. આ મામલે ૨૧ જાન્યુઆરી ૨૦૦૮માં મુંબઈ કોર્ટે ૧૨ લોકોને હત્યા અને દુષ્કર્મના આરોપી જાહેર કર્યા હતા. ત્યારબાદ ટ્રાયલકોર્ટે તમામ આરોપીને ઉમરકેદની સજા આપી હતી. જો કે, તમામ આરોપીએ મુંબઈ હાઈકોર્ટમાં ચૂકાદા વિરૂદ્ધ અપીલ કરી હતી. પરંતુ મુંબઈ હાઈકોર્ટે તમામ આરોપીની સજા યથાવત રાખી હતી.

# ઘોઘંબાના માલુ ગામે ઘરમાં માતા સાથે સુતેલ ૪ વર્ષીય બાળકને દિપડો ઉપાડી જઈ શિકાર બનાવ્યો



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

- બાળકનો મૃતદેહ જંગલ માંથી મળ્યો.
- થોડા સમયગાળામાં દિપડાએ બે બાળકોનો ભોગ લીધો.
- દિપડાને પાંજરે પુરવા ફોરેસ્ટ વિભાગ કામે લાગ્યું.

ઘોઘંબા,
ઘોઘંબા તાલુકાના માલુ ગામે રાત્રીના સમયે ઘરમાં માતા સાથે સુતેલ ૪ વર્ષીય બાળકને દિપડો ઉપાડી જઈ શરીરને ચુંથી નાખેલ બાળકનો મૃતદેહ મળી આવ્યો. ઘોઘંબા પંથકમાં માનવભક્ષી દિપડાનો આતંક વધી રહ્યો છે. ત્યારે માનવભક્ષી દિપડાને પાંજરે પુરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. દિપડાએ બાળકને ઉઠાવી જઈ શિકાર બનાવવાની ઘટનાને લઈ ફોરેસ્ટ વિભાગ દોડતું થયું છે અને દિપડાને પાંજરે પુરવાની તજવીજ હાથ ધરી છે.

ઘોઘંબા પંથકમાં પ્રતિદિન દિપડાનો આતંક વધી રહ્યો છે. જંગલ વિસ્તારને અડીને આવેલ ગામોમાં દિપડા દ્વારા અવારનવાર પશુઓના મારણના બનાવો બનતા હોય છે. પરંતુ થોડા દિવસો પહેલા વાવકુલ્લી ગામ રાત્રીના સમયે માતાની સોડમાં સુતેલ ૩ થી ૪ માસના બાળકને દિપડો ઉપાડી જઈને બાળકના શરીરને ચુંથી નાખતાં બાળકનો મૃતદેહ જંગલ વિસ્તાર માંથી મળી આવ્યો હતો અને આ ઘટના બાદ માનવભક્ષી બનેલ દિપડાને પાંજરે પુરવા માટે પાંજરા તેમજ નાઈટ વિઝન કેમેરા ગોઠવવામાં આવ્યા હતા. તેમ છતાં માનવભક્ષી દિપડો પાંજરે પુરાવામાં આવ્યો નથી. ત્યારે ઘોઘંબાના માલુ ગામે રહેતા પરિવાર રાત્રીના સમયે નિંદરમાણી રહ્યા હતા. ત્યારે દિપડો ઘરમાં માતાની સાથે ઉંઘી રહેતા ૪ વર્ષીય બાળકને ઉપાડી લઈ ગયો હતો. માતાએ દિપડાનો પ્રતિકાર કરે તે પહેલા બાળકને ઉઠાવી દિપડો જંગલ તરફ ભાગ્યો હતો. પરિવારજનોએ બુમાબુમ કરી મુકતા ગ્રામજનો દોડી આવ્યા હતા અને જંગલ સીમ વિસ્તારમાં તપાસ કરતાં જંગલ માંથી બાળકનો મૃતદેહ મળી આવ્યો હતો. માલુ ગામે ૪ વર્ષીય બાળકને દિપડાએ ઉઠાવીને શિકાર બનાવવાની ઘટનાની જાણ ફોરેસ્ટ વિભાગને કરવામાં આવતાં ફોરેસ્ટ કર્મીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. ગ્રામજનો દ્વારા માનવભક્ષી બનેલ દિપડાને પાંજરે પુરવા માંગ કરી છે. હાલ ઘોઘંબા પંથકના ગ્રામજનો માનવભક્ષી દિપડાનો ભય સતાવી રહ્યો છે.

# ગોધરા નગરના ગણેશ મંડળો ગણેશ મહોત્સવની તૈયારીમાં વ્યસ્ત શ્રીજીની મૂર્તિઓનું આગમન શરૂ થયું



ગોધરા,
ભાદરવા સુદ–૪થી દેશભરમાં ગણેશ મહોત્સવનો પ્રારંભ થઈ રહ્યો છે. જેને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે ગણેશ ભકતોમાં પણ શ્રીજીના આગમનને લઈને અનેરો થનગનાટ જોવા મળી રહ્યો છે. રવિવારે શહેરના મહાકાળી મંદિર ખાતેથી ભાટવાડા યુવક મંડળની શ્રીજી પ્રતિમાની વાજતેગાજતે શોભાયાત્રા કાઢવામાં આવી હતી. ગણપતિ બાપા મોરયાના ગગનભેદી નારા સાથે ઝુમી ઉઠ્યા હતા. શોભાયાત્રા વાજતે ગાજતે ભાટવાડા ખાતે પહોંચી હતી. જયાં ગણેશ ભકતોએ શ્રીજીના વધામણા કર્યા હતા. બીજા અન્ય ગણેશ મંડળોએ પણ શ્રીજીની નાની મોટી પ્રતિમા લાવવા માટેનું શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે. ગણેશ મંડળો દ્વારા શ્રીજીના આગમનને લઈને તૈયારીઓ પણ કરી દેવામાં આવી છે. ચાલુ વર્ષે ગણેશ મહોત્સવને અનુલક્ષીને ગોધરામાં નીકળનારી વિસર્જન યાત્રાને લઈને વહીવટીતંત્ર દ્વારા બેઠકોનો દોર પણ શરૂ કરવામાં આવ્યો છે. ગોધરામાં નીકળેલી શ્રીજીના આગમનની સવારી આકર્ષણનુંકેન્દ્ર બની હતી. ભારે આતશબાજી સાથે ડીજેના સથવારે ગણેશભક્તો ઝુમી ઉઠ્યા હતા. મોડી રાતે શ્રીજીની શોભાયાત્રા નીજ મંડપમાં પહોંચી હતી.

# અકસ્માત સર્જી કાર ચાલક ભાગવા જતાં રસ્તામાં ટાયર ફાટ્યું



ઘોઘંબા,
પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના દાંતોલ પાસે કારે બાઈકને ટક્કર મારતા બાઇકચાલક ઈજાગ્રસ્ત અકસ્માત સર્જી ભાગી જતા કાર ચાલકનું રવેરી પાસે ટાયર ફાટતા લોકોના હાથે ઝડપાઈ ગયો. ઘોઘંબા તાલુકાના દાંતોલ પાસે અનિલ સોલંકી નામનો યુવાન હાલોલ કંપનીમાં નોકરી પૂરી કરી ઘરે પરત આવી રહ્યો હતો. તે દરમિયાન લુણાવાડા થી પાવાગઢ જતી કાર GJ.02.CL.2776 ના ચાલકે દાંતોલ કેનાલ પાસે બાઈકને ટક્કર મારી હતી. અકસ્માતનો ગુનો પોતાના માથે ના આવે તે હેતુ થી કારચાલક ફુલ સ્પીડમાં ઘોઘંબા તરફ ભાગ્યો હતો, પરંતુ રવેરી પાસે કારનું ટાયર ફાટતા અકસ્માત સર્જનાર કારચાલક આબાદ ઝડપાઇ ગયો હતો. પોતાના પરિવાર સાથે નીકળેલા કાર ચાલકને લોકોએ ઠપકો આપ્યો હતો.

કારની ટક્કરે રોડ ઉપર પછડાયેલા બાઇક ચાલક અનિલ સોલંકીને ૧૦૮ મારફતે સારવાર માટે ઘોઘંબા હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. બાઈક ચાલકને પગમાં ગંભીર ઈજા પહોંચી હતી તથા બાઇકને મોટું નુકસાન પહોંચ્યું હતું.

# ગોધરા ખાડી ફળીયા વિસ્તારમાં જાહેર શૌચાલયમાં રમતા જુગાર ધામ ઉપર સ્ટેટ વીજીલન્સની રેઈડ : ૭ જુગારીયા ઝડપાયા



ગોધરા,
ગોધરા ખાડી ફળીયા વિસ્તારમાં જાહેર શૌચાલયમાં કેટલાક ઈસમો જુગાર રમતા હોય તે સ્થળે સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા રેઈડ કરવામાં આવી હતી. શૌચાલયના હદ વિસ્તારની લઈ મોનીટરીંગ સેલને ગુંચવણ ઉભી થઈ બાદમાં પાલિકા હદમાં આવતું હોવાનું સામે આવ્યું. પોલીસે રેઈડ દરમિયાન સાત જુગારીયાને ઝડપી પાડ્યા. ગોધરાના ખાડી ફળીયા વિસ્તારમાં પાલિકાના જાહેર શૌચાલયમાં કેટલાક ઈસમો દ્વારા ફરક આંકનો જુગાર રમાડવામાં આવી રહ્યો છે. તેવી બાતમીના આધારે સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે રેઈડ કરી હતી. સ્ટેટ મોનીટરીંગની રેઈડ સાથે બી ડીવીઝન પોલીસ પણ સ્થળ ઉપર દોડી આવી હતી અને ૭ જેટલા જુગારીયાઓને ઝડપી પાડવામાં આવ્યા હતા. સ્ટેટ મોનીટરીંગ સેલની શૌચાલયમાં રમાડતા જુગાર ધામ ઉપર રેઈડ કરવા સાથે આ શૌચાલય રેઈડ પોલીસની હદ કે બી ડીવીઝન પોલીસની હદમાં છે. તેની તપાસના અંતે પાલિકા હદ વિસ્તારમાં હોવાનં સામે આવ્યું. શૌચાલયમાં જુગાર રમતા ઝડપાયેલ ૭ ઈસમો વિરૂદ્ધ જુગાર ધારા હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# પંચમહાલ જીલ્લામાં સાર્વત્રિક ધીમી ધારે વરસાદથી વાતાવરણમાં ઠંડક

ગોધરા,
પંચમહાલ જીલ્લાના તમામ તાલુકાઓમાં સાર્વત્રિક વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે. વરસાદની ત્રીજી ઈનીંગ શરૂ થતાં ખેડુતોમાં આનંદ જોવા મળ્યો.

પંચમહાલ જીલ્લામાં બે દિવસ થી વાદળ છાયા વાતાવરણ વચ્ચે વરસાદી માહોલ સર્જાયો છે. સાથે જીલ્લાના તમામ તાલુકાઓમા સાર્વત્રિક વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે. છેલ્લા કેટલાક દિવસ વરસાદ રોકતા ઉકળાટ માંથી મુકિત મળી છે. છેલ્લા ૪૮ કલાકમાં અંદાજીત એક થી અડધો ઈંચ વરસાદ નોંધાયો છે.

**પંચમહાલ જીલ્લામાં ૪૮ કલાકમાં નોંધાયેલ વરસાદ....**
શહેરા– ૧૯ મી.મી., કાલોલ– ૨૬ મી.મી., ગોધરા–૩૨ મી.મી., ઘોઘંબા– ૨૨ મી.મી., જાંબુઘોડા – ૪૬ મી.મી., મોરવા(હ) – ૨૨